| | |
|---|---|
| Innovation ID | **DTP0010000006243** Sr No : 1 |
| Innovation Title | પાકમાં નીલગાય અને ભૂંડથી રક્ષણ |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | Lok-૯(૩), may-june, ૨૦૦૪, pg.no. ૫ |
| Brief | પાકમાં નીલગાય અને ભૂંડથી રક્ષણ કરવા માટે મૃત ગાયના શિંગડાનો ઉપયોગ |

**Detail**

ભેલાણ કરતાં જંગલી પ્રાણીઓ જેમ કે, રોઝ (નીલગાય), ભૂંડ વગેરેને ખેતરથી દૂર રાખવા કોચાડા ગામના રમેશભાઈ તુલસીભાઈ રાઠોડ મૃત ગાયનું શિંગડું સળગાવે છે.
ખેડૂતના જણાવ્યા મુજબ, અમારા ખારાપાટ વિસ્તારમાં ભૂંડ અને રોઝની સમસ્યા દિવસે-દિવસે વધતી જાય છે. આ સમસ્યાના ઉકેલ માટે અમે શરૂઆતમાં જાડ સૂકા થોરને સળગાવતા. સમય જતા આવા સૂકા થોર મળતાં નહીં. આથી અમે ગાયનાં શિંગડાની ટોચ કાપીને જમીનમાં રોપી સળગાવી ખેતરની વચ્ચે મૂકીએ છીએ. શિંગડું સળગાવવાથી ખરાબ વાસ આવે છે, જેથી ભેલાણ કરતાં ભૂંડ અને રોઝ દૂર ભાગે છે. આ પદ્ધતિ ખૂબ અસરકારક છે. પવનની દિશાને ધ્યાનમાં રાખી ધુમાડો આખા ખેતરમાં રહે તેનું ધ્યાન રાખી સળગાવીએ છીએ.

અન્ય ઉપયોગ કર્તા
તુલસીભાઈ અરજણભાઈ રાઠોડ
લખમણભાઈ ભલાભાઈ રાઠોડ
પુજાભાઈ ખોડાભાઈ રાઠોડ
ઉપરોક્ત વ્યક્તિ ો આ પદ્ધતિ વિશે જાણે છે અને જ્યારે જરૂર પડે છે ત્યારે ઉપોયગમાં લે છે. ખાસ કરીને બાજરીના પાકમાં ભૂંડ વધારે પડતા હેરાન કરતાં હોવાથી આ પદ્ધતિનો ઉપયોગ કરીએ છીએ. આ પદ્ધતિથી ૫૦ ટકા જેટલું બાજરીનું થતું નુકશાન અટકાવી શકાય છે.

આ પદ્ધતિનો વિચાર પરંપરાગત છે. ઉત્તરદાતાના જણાવ્યા મુજબ આ પદ્ધતિ અમારા બાપ-દાદાઓ પાસેથી શીકેલા છીએ.
આ પદ્ધતિની ઉપયોગ કરવાની રીત અગાઉ જણાવ્યા મુજબ મૃત ગાય ભેંસના શીંગડા સળગાવીને ખેતરની વચ્ચે મૂકીએ છીએ જેથી નુકશાન અટકાવી શકાય છે.
આ પદ્ધતિ પાછળ કોઈ આર્થિક ખર્ચ કરવામાં આવતો નથી.

(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૭-૬-૨૦૦૬માં મહેન્દ્રભાઈ. બી. વાઘેલાએ કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે.)

(નોંધઃ- રમેશભાઈ રાઠોડ અમદાવાદ એરટેલ કંપનીમાં નોકરી કરે છે. તેમના ભાઈ હરેશભાઈએ આ પદ્ધતિની માહિતી આપેલ છે.)

**Method of Use**

**Caution**

**Benefit**

પાક ઉત્પાદનમાં વધારો કરી શકાય છે.
ખેતરમાં ભુંડ ન આવવાથી ચારામાં વધારો થાય છે.
કોઈ ખર્ચ થતો નથી.

**Condition**

**Material Used**

**IPR Status**

**Keywords**

નીલગાય, ભૂંડ, પાક, ગાય, શિંગડા, સુરેન્દ્રનગર

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૩૭૪૯ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | રમેશભાઈ | Middle Name | બી | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૩૧૧ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | રમેશભાઈ | Middle Name | તુલસીભાઈ | Last Name | રાઠોડ |
| Profession | ખેતી, પશુપાલન | Designation | ખેડૂત, પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મું. કોચાડા | Taluka | પાટડી | | |
| District | Surendranagar | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
તેમની પાસે ૪૦ વિઘા જમીન છે. તેમના મોટાભાઈ હરેશભાઈ અને તુલસીભાઈ ખેતી કરે છે. રમેશભાઈ અમદાવાદમાં નોકરી કરે છે. તેમની આર્થિક પરિસ્થિતિ સારી છે. ખેતીના સાધનમાં ટ્રેક્ટર છે. તેમની આજીવિકા ખેતી જ છે. તેમના રસનો વિષય માહિતી આપનાર હેશભાઈ જણાવે છે કે ખેતી કરતી એ જ રસનો પિષય છે.

ગામનો પરિચય:
કોચાડા ગામ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું છે. દશાડા તાલુકાથી આશરે ૨૦ થી ૨૫ કિ.મી દૂર આવેલું છે. ગામમાં જવા માટે પ્રાઈવેટ સાધનોની સગવડ છે. કુલ ૨૫૦૦ની વસ્તી ધરાવતા આ ગામમાં શિક્ષણનું પ્રમાણ ૭૦ ટકા છે. ગામમાં પ્રાથમિક સુવિધામાં બાલમંદિર, પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, સસ્તા અનાજની દુકાન ટેલિફોનની વ્યવસ્થા છે. ગામમાં લોકોની આર્થિક પરિસ્થિતિ સારી છે. અહીંની જમીન કાળી અને ગોરાડું છે. પાકોમાં કપાસ, જુવાર, બાજરી, ઘઉં અને જીરૂ  થાય છે. પિયત તરીકે બોરની વ્યવસ્થા છે.

ગામમાં કુદરતી સૌદર્યમાં તળાવને પાળે લીમડો, વડ જેવા ઝાડ છે.
ગામમાં ઠાકોર, ભંગી, વાઘરી, ભરવાડ, દરબાર, હરિજન અને મુસ્લીમની વસ્તી વસે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૦૨ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | મહેન્દ્ર | Middle Name | બી. | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઉધરોઝપુરા | Taluka | માંડલ | | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |